શ્રી ગણેશાયનમઃ

ગોપાલ તરંગ.

(પચરંગી પૂંષ્પો.)

યોજક અને પ્રકાશકઃ—

ગોપાળજી હરીભાઈ દેસાઈ—વેસ્માકર.

પહેલી સુતાર લેન, મુંબઇ નં ૪
શેઠ દામોદર દેવરાજનો માળો.

આવૃત્તી પહેલી—પ્રત ૨,૦૦૦.

સંવત્ ૧૯૭૦.   સને ૧૯૧૪.

મુંબઇ, નાગદેવી સ્ટ્રીટ—ઘર નં૦ ૩૩૨-૩૩૪ અહીયાં
શ્રી "સરસ્વતી" પ્રીન્ટિંગ પ્રેસમાં મગનલાલ જગજીવનદાસે
માલેકને માટે છાપી.

કીમત બે આના.

સેન્ટનો રાજા.

સુગંધીથી ભરપૂર.

ઓટો—માલીની.

(રજીસ્ટર્ડ).

જેની ઉત્તમતા અને ટકાઉ ફ્રેન્ચ ફુલોની ખુસબો માટે બરાબરી કરી શકે એવું બીજું એકે સેન્ટ અથવા અત્તર નથી ફક્ત બે ટીપાં રૂમાલ ઉપર અથવા કપડાં ઉપર છાંટવાથી ઉત્તમ ચંબેલી અને બટ મોગરીના ફુલોની સુગંધી પસરી રહે છે. વળી તે કેટલાક દીવસ સુધી ચંબેલીના તાજા ફુલોની ખુશબો આપે છે. ઓટો દીલને આનંદ પમાડનારૂં હાલના વખતને અનુસરતું મધુર ખુશબોથી ભરેલું સેન્ટ છે. આ સેન્ટ મગજને જરાપણ નુકસાનકારક નથી અને કપડાંપર ડાઘ પડતા નથી એજ ખુબી એમાં સમાયેલ છે. કીંમત નાના બાટલીના રૂ. ૦—૮—૦ વચલી બાટલીના રૂા. ૦—૧૨—૦ અડધા ઔંસની બાટલીના રૂ. ૨—૦—૦ સુગંધી કાર્ડ ડઝન એકના રૂ ૦—૮—૦ વિ. પી. ખર્ચ જુદો.

સોલ એજંટ—સીટી ડ્રગ એન્ડ કેમીકલ કુંપની,

જુમા મસીદ, નંબર ૧૩૭, મુંબાઈ.

શ્રી ૧।

પચરંગી પૂષ્પો.

૧

મંગળાચરણ—દોહરા.

શંભુ સુત ગણપતી સદા સમરૂં હું સુભ ધમ
વિધ્યાધારી શારદા સફળ કરો મમ કામ
દેવ દયાનીધિ વિશ્વના પૂરો મારી આશ
પચરંગી પૂષ્પો સદા આપે નીજ સુવાસ

૨

ઇશ્વર સ્તુતિ.

ગજલ.

જગત આધાર જગસ્વામી, નમું હું હાથ જોડી
શરણમાં રાખજે નામી, ભવોનાં બંધ તોડીને
હું તો છું બાળને ભોળુ, અતી અજ્ઞાનતા વ
દઇને જ્ઞાનમય અક્ષુ, હૃદયની અંધતા ટાળે
અહો, મેં સાહ્યતા તારી, કવિતા રૂપ આ લીધી
પૂરણ કર હોંસ તું મારી, દયાની દ્રષ્ટીથી દેખી

અકળ છે વિશ્વની માયા, રચી ઘટમાળ તેં કેવી
ગુચવણીમાં પડે ડાહ્યા, નથી કાંઇ કલ્પવા જેવી
સ્રજે ને તુંજ વણસાડે, અતી ખેલ્લો લડાવે છે
ચઢેલા કઇકને પાડે, પડેલાને ચઢાવે છે
સરીતા સીંધુને પહાડો, વિકટ વન ઝાડને ઝાડી
ગીરિમાહેં ગુંફા પાડો, બનાવીરે દીધી વાડી
ગરજના સીંહુની થાતી, વનોમાં વાઘ ભટકે છે
અજબ એ પ્રાણીની જાતી, અમારી બુદ્ધિ અટકે છે
અખિલ આ વિશ્વના કર્તા, ચહું છું શર્ણુ હું તારૂં
સકળ જન દુઃખના હર્તા, કહે ગોપાળ કર સારૂં

૩

જમાનાનો પ્રભાવ.

દોહરા.

શાસ્ત્ર પ્રમાણે ચાલજો ધર્મ સાચવો ધીર
ઝેરી જમાનો આજનો ચેતી ચાલો વીર

*સવૈયા.

આર્ય વર્તના બંધુ મારા દેશ વિદેશે ફરનારા
સાચા શાણા નહી ડરનારા હીંદભુમીના વસનારા
કીર્તિવંત આ ભાર્ત દેશ કાંઇ વિશ્વ સકળમાં વખણાતો,
યુગો યુગથી સ્રષ્ટી શીખર સમ સમૃદ્ધિમાં પંકાતો,

---

* જ્યાં જ્યાં સવૈયા લખ્યા છે તે સવ ખ્યાલના રાગમાં સારી રીતે ગવાશે.

આજ સમયએ સૌ બદલાયા કીર્તિને દીધી ટાળી,
સમૃદ્ધિ પશ્ચિમમાં નાઠી થયો દેશ સઘળો ખાલી,
સુરવીરો સૌ થયા બાયલા મુખ રાંડનું જોનારા.
અજબ પ્રભાવે કળીયુગ વ્યાપ્યો જુએ જુએ સરવે દારા.
રજપુતો ટીટાં કહેવાયા ધર્મ માર્ગના ધરનારા,
સમય સમય બળવાન બનાવે ગયા પુન્યના કરનારા.
આર્ય વર્તની બાળા દેખી ધીરજ નથી રહેતી મારી,
છતે કાપડે અર્ધ નગ્ન છે વ્યભીચારે પાયમાલી કરી.
હુંડ વધારી દેશ ડુબાડે મોટરકારે ફરનારા,
ધીઃક ધીઃક જનનીને ભારે મારે દુષ્ટ કર્મના કરનારા.
પુર્વ કાળને આંજ સમય છે સરખાવી જોવા જેવો,
ધર્મ ગયોને અધર્મ પેઠો યુગનો મહીમા છે કેવો.
પ્રાચીનના પુરૂષોએ સેવ્યાં બ્રહ્મચર્ય વૃતના યોગો,
નીયમ પ્રમાણે આશ્રમ પાળ્યા સંસારે જોયા ભોગો.
સ્ત્રીઓએ સૌભાગ્યજ સેવ્યાં પ્રભુ સમ પતીને ધારીને.
સત્ય શીયળમાં રહી સાધવી કુળની લાજ વધારીને
પુર્ણ શરીર પોસાયા પહેલી વિષય ઉપર જરી નહી માયા,
ત્રીસ વર્ષે ગૃહસ્થાશ્રમ માંડે અંમર સમ થાતી કાયા.
વર્તમાન શું વાત બતાવે તોલ જરી તેનો કરીએ,
બાર વર્ષે બ્રહ્મચર્યજ મુકી લગ્ન કરી કન્યા વરીએ.

પતી પત્નીના શાશા ધર્મો જાણ્યાનું શું કામ હશે,
વડીલ જનોની લજ્યા છોડી સંસારી ઝટ થઇ બેસે.
બાળપણેથી વિષયો સેવી નારીને મન સંભારે,
ગ્રહસ્થાશ્રમનો લ્હાવો લેવા મુરગા મુરગી ખેલ કરે.
શોળ વર્ષમાં પરીવારી થઇ બાળક કહે બાપા મારા,
અકળ કળા છે પરમેશ્વરની કળી શકે કો કળનારા.
નારીઓ પણ નેહ વગરની પતીપર પ્યાર નહી રાખે,
કજીઓ કરવા તત્પર રહીને ભુંડા વેણો બહુ ભાખે.
નારીને પતી પરમેશ્વર સમ, છે એવી રીતી જગની,
પતી સેવાવીણ નર્ક દ્વારમાં જાશોરે મારી ભગની.
સદબોધો અંતરમાં ધારી સદગુણી ગુણવંત થશો,
કહે ગોપાળજી સુખ પામીને આખર સ્વર્ગ વિષે જાશો.

૪

પીતાઓ પૂત્રી વેચે છે.

ગઝલ.

અરે આ દ્રવ્યના લોભે, પીતાઓ પૂત્રી વેચે છે
પીતાઓ પૂત્રી વેચે છે, પીતાઓ પૂત્રી વેચે છે—અ૦

ભલે વિધવા થતી કન્યા, ભલે થાતો હશે અન્યાય
તથાપી લક્ષ્મિ લેવાને, પીતાઓ પૂત્રી વેચે છે
બીચારી બાળકી નાની, ન સમજે વાત વિવાની
સદાનું ભાગ્ય ખોવાને, પીતાઓ પૂત્રી વેચે છે
સુકોમળ પૂત્રી જે પ્યારી, પતી છે વૃદ્ધ આજારી
દુઃખી નીજ બાળ જોવાને, પીતાઓ પૂત્રી વેચે છે
ઉડ્યો જેમ અગ્નિનો તણખો, પતી મરતાં બળ્યો મનખો
કુટીને શીર રોવાને, પીતાઓ પૂત્રી વેચે છે
મરો મુજ સ્વાર્થી માબાપો, પ્રથમ કયમ આવ્યો અધ પાપો
પૂત્રીની ગાળ ખાવાને, પીતાઓ પૂત્રી વેચે છે
અધમ નર જે હશે પૂરો, રહ્યો જે પાપમાં શુરો
સકળ કુળ લાજ ખોવાને, પીતાઓ પૂત્રી વેચે છે
કહે ગોપાળજી પ્રીતે, સમજજો જગતની રીતે
ડરો કાંઇ ઇશની બીકે, પીતાઓ પૂત્રી વેચોના

૫

વનિતા વૈભવ.

દોહરા.

કહે નેપોલીઅન દેશને કરવા આબાદ ન
સરસ રીત તો એજ છે દો માતાને જ્ઞાન

સવૈયા.

ભરતખંડની ભવ્ય ભૂમીપર દીવ્ય નારીઓ નીપજતી
પતી વિના કોઇ અન્ય પૂરૂષપર નજર જરી પણના કરતી
પરમ પવિત્ર સુશીલજ શાણી શકિત સરખું તેજ હતું
પૂજ્ય ભાવના પ્રગટ થઇને દર્શન કરવા દીલ થતું
ઘણી સતીઓ હતી સાધવી અખંડ કીર્તિ હજી રહી
પતી ભકિતથી વાકય સિદ્ધ થઇ અંબાનો અવતાર સહી
આધુનીક અબળાનું આજે ચીત્ર જરી અહીં આળેખું
વીપરીત પંથેનાર વિચરતી હું મારી દ્રષ્ટે દેખું
એક સમય પર માર્ગ વિષે કોઇ નાર ઉપર મમ નજર પડી
ગ્રહસ્થ હશે કે નટી રાંડ એ શંકા મનમાં થઇ ખડી
વસ્ત્રાભુષણ ઠાઠ માઠ પણ નવિન પ્રકારે યુકત હતો
કરી કલ્પના ઘણી ઘણી પણ નીર્ણય જરીએ નાજ થતો
શીર કેશ વાળોના ઝુલ્ફાં કપાળ ઉપર ઝુલી રહ્યાં
મધ્ય ભાગનો સેંથો મૂકી બાજુપર બીજા પાડયા
અતીશેં બારીક વસ્ત્ર પહેર્યું નાર નથી કાંઇ લજવાતી
બહુ રૂપાળી આજ બનીછું ધારી મનમાં હરખાતી
ગૌર બદનનું ગુમાન આવ્યું તન મનાટ તનમાં થાતો
ચાર આંગળની ચોળી વિના અન્ય ભાગ સહુ દેખાતો

કમ્મર નીચે નથી ઘાઘરો ઝીણું વસ્ત્ર બહુ ફરકે છે
છાયલમાંથી છાના ભાગો સૌ જન નજરે નિરખે છે
પાન તણી પટ્ટી ચાવીને અધર રક્તમય કીધા છે
ચપળ નયનમાં અંજન આંજ્યું સૌના મન હરી લીધાં છે
ચરણ વિષે ચાંદીની ઘુઘરી ઝમ ઝમ કરતી વાગે છે
સપાટ પહેરી જાય સપાટે વેશ્યા સરખી લાગે છે
શંકા મનમાં સજ્જડ થઈ કે કોણ હશે એ નાર નક્કી
તપાસ કરવા પાછળ આવ્યો ખબર મળી સરવે પક્કી
પૂછીને ત્યાં નીશ્ચય કીધું રમણ્ય મહેલમાં વસ્તી છે
અમૂક શેઠની ધર્મપત્ની એ વૈભવને ભોગવતી છે
ધન્ય શેઠને ધન્ય શેઠાણી ધન્ય તમારા વૈભવને
ધન્ય વાદ તે શા શા આપૂં કેમ બગાડો છો ભવને
અનુકરણ આ ક્યાંથી લાવ્યા દેશ તમારો ભાર સહે
અવરદેશની કોઈ પ્રજા નહીં છતે કાપડે નગ્ન રહે
ક્ષુદ્ર જીવનનો વૈભવ તારો દેશતણું કાંઈ દ્રવ્ય હરે
ગોપાળે તો ઘણું કહ્યું છે શાણા વાંચી હૃદય ધરે

૬

નારી ધર્મ.

ગજલ

ગયું છે બાળપણ તારૂં, જુવાનીમાં હવે આવી
ઉરે ધરજે વચન મારૂં, પ્રગટ આનંદને લાવી
પીતનું દ્વાર છોડીને, પધારે સાસરે જ્યારે
પતીશું સ્નેહ જોડીને, નીતિથી વર્તજે ત્યારે
વડીલ જે સાસરે તારાં, હુકમ તેના ઉઠાવીને
કરી લેજે સહુ પ્યારાં, અખંડીત પ્રેમ લાવીને
પતીને દેવસમ ધારી, અતી શેવા કરી લેજે
વળી આ ધર્મ વિચારી, સુખો સંસારના દેજે
નજીવા નારીના ભોગો, વિષે લાલચ નહીં કરતી
વિષયમાં છે અતી રોગો, ગણીને પ્યાર ના ધરતી
પતીનો પ્યાર મેળવતાં, મળે જે સુખ સંસારે
રહે આનંદ ભોગવતાં, બહુ સંતોષને ધારે
પતી શેવાતણી ભક્તિ, અહો એ મોક્ષ બારૂં છે
રીઝવવા નાથને શક્તિ, અતી કલ્યાણ તારૂં છે
વદે છે શાસ્ત્રના ગ્રંથો, પ્રભુની તુલ્યના પતી છે
ગ્રહે જે નાર સુપંથો, જરૂર તે સ્વર્ગમાં જતી છે

શીયળનું સત્ય સાચવતાં, પડે જો કાય આ કાચી
ખુશીથી પ્રાણુને તજતાં, કસોટીમાં ઠરે સાચી
વદે ગોપાળરે ભગની, કહ્યા મેં બોધના બોલો
સુધરજો નારીઓ જગની, રહદયમાં તુલના તોલો

૭

જુગાર નીષેધ.

દોહરા.

પરધન પથ્થર માનીએ જુગાર અગ્નિ સમાન
સટ્ટામાં બટ્ટો લગે જુગારનો જજમાન

સવૈયા.

જન્માષ્ટમીનો ઉત્તમ દીવસ જુગારમાં જન ગાળે છે
પૈસા કેરી કરી ખુવારી સુખ પોતાનુ ટાળે છે
નજર દેખતાં આજ સમયમાં જુગારથી જન ઘણા પડયા
ક્રોડપતી કંગાલ બનીને આપઘાતથી હાય મર્યા
પ્રાચીન કાળની કથા કહું તે લક્ષે ધરજો મમ વીરા
ચક્રવર્તી સમ ભૂપતી મોટા જુગારથી પામ્યા પીડા
નળ સરખો સત્યવાદી રાજા જુગાર રમવા બેસી ગયો
આકાશેથી રૂધીર વરસે દેશે હાહાકાર થયો

નાંખ્યા પાસાને પૂષ્કર જીત્યો સીંહાસનપર બેઠો ચઢી
નળ દમયંતી જંગલ ચાલ્યાં આપત્તિ બહુ શીરે પડી

એકજ પટકુળ બેજણ પહેરી ભુખ્યાં તરસ્યાં પડી રહ્યાં
મધ્ય રાત્રીએ તજી સુંદરી નળ દમયંતી છુટાં પડયાં

અર્ધે વસ્ત્રે બાહુક વેષે રૂતુપર્ણની શેવા કરી
દાશી વેષે માશી સેવી દમયંતી પણ ત્યાંજ ઠરી

ત્રણ વર્ષનો વિયોગ વેઠી અતી સંકટનો ભાર સહ્યો
નળ દમયંતી ભેગાં મળીઆં જુગારથી બહુ ત્રાસ થયો

પાંડુરાયના પાંચે પુત્રો ધર્મીને બળવંત થયા
કૌરવ સાથે જુગાર રમતાં રાજપાટ સૌ હારી ગયા

શક્તિ સરખી સતી સાધવી ધર્મ પત્નિ દ્રૌંપદી હતી
તેને પણ જુગારે મૂકી ફરી ગઇ ધર્મની મતી

કુળ કલંકી કૌરવ મધે દુર્યોધન મતીમંદ હતો
ભરી સભામાં સતી નચાવવા મન વિષે અતી મગ્ન થતો

પાપી પુરૂષો વસ્ત્રજ ખેંચે સતી અતી વિલાપ કરે
પાંચ પતીમાં કોઇ ન બોલે વિશ્વપતીની સહાય ધરે

પ્રભુ પ્રતાપે દ્રૌપદીજીને પાપી હાથથી મુકત કરી
પાંડવ સાથે વનમાં નીકળી આપત્તીમાં ભાગ ભરી

બાર વર્ષ બહુ વનમાં ભટકયાં સંકટનો નહીં પાર રહ્યો
કુરૂક્ષેત્રે દુર્યોધન જીતી સુખ સંપતનો લાભ લહ્યો

એહુ પ્રકારે અનેક સતીઆ જુગારમાં હેરાન થયા
ઓ પૂત્રાદીક ધન્ય ધાન્યોને હારીને બેહાલ બન્યા
લક્ષ્મીવંત લાચાર બન્યાને કષ્ટ તણો આવ્યો વારો
જુગાર રમતાં થયા રવડતા નથી આવતો કાંઇ આરો
પૂન્યવંત આ પ્રભુ જન્મનો અષ્ટમી કેરો દીન ખરો
જુગાર મૂકી ઇશ ભજનમાં ધર્મવંત એ ધ્યાન ધરો
એહુ દીવસે તમે પ્રભુ સ્મરોને સફળ થશે તમ જન્મારો
દાસ ગોપાળજી વિનવી કહે છે ડુબતા દેશનેજ તારો

૮

આજ કાલનો નવિન સુધારો.

હરીગીત.

જુનો જમાનો વહી ગયો ફેશન હતી નહીં તે સમે
અમને હવે બહુ શોખ પ્યારો સુધારે ફરવું ગમે
તજી પાઘડી દીધી અમે શીર ઉપરે ટોપી ધરી
અહા નવીન કટનાં કેશ રાખી પાડશું પટીઆં વળી
દર્દો વિના ચસમો ધર્યો સુંદર સોનેરી ફ્રેમનો
ચહે નયનને વસમો પડે પણ અમારે મન ક્ષેમનો
ઘરમાં ભલે ખાવા નથી બાપા ભલે ખાવા બને
તોપણ સુધારો ડ્રેસનો છે નવીન ગમતો બહુ મને

કોલર અને નેકટાઇનો ફાંસો ગળે બહુ ફાવતો
વળી બૂટને સ્ટોકીંગનો ભપકો અતી મન ભાવતો.

ખાવું ઘરમાં નહીં ગમે હોટલ વિષે જાવું સદા
શું સ્વાદ કે લહેજત તહાં સમ ઘર વિષે આવે કદા

અહા બ્રાંન્ડી ને બીડી અમોને સુખશાંતી આપતી
સ્વર્ગે જવાને એજ સીડી અન્ય કો રસ્તો નથી

માતા પીતા કહેશે અમોને તે જરી નહીં માનશું
જે પ્રાણપ્યારી હુકમ આપે તે પ્રમાણે ચાલશું

ફાંકડા ફક્કડ થઇ ને રોડમાં ફરવા જવું
ચો તરફ દ્રષ્ટિ ફેરવી પરનારને ગમતા થવું

એવા સુધારા લક્ષધા અમ પાસ છે બીજા નવા
તે સર્વને શીખવાડશું નહીં શોધવા બીજે જવા

ગોપાળજી વિનવી કહે દુનીઆં તમે ડુબાવશો
ઉપર કહ્યા છે જે સુધારા તે કુધારા માનશો.

૯

સુધરેલ ચસકો.

દોહરા.

ઉદય થવા આ દેશનો સુધારજો સંસાર
પ્રાચીન રીત પ્રમાણથી કેવળ જો સન્નાર

સવૈયા.

વરણાગી આ જગમાં બાધી ફેશનમાં જન સૌ ફરતા
ખાવા ઘરમાં મળે નહીં પણ ઉપર ભપકો બહુ કરતા
સ્ત્રીઓના સમવાય મહી પણ જ્યાં ત્યાં ચર્ચા એ ચાલે
બારીક વસ્ત્રો અંગ સજીને કંઇ કંઇ સ્ત્રી મોજે મહાલે
નારી કોઇ મનમાં વિચારે આ દુનીઆ સૌ છે સુખી
ફેશનમાં ફરતી સૌ સ્ત્રીઓ મારે શીદ થાવું દુઃખી
અર્ધ નગ્ન ફરવાથી કઇ જન રસીઆ મુજપર લોભાશે
ફરીશ ફાંકડી થઇને હુંતો મન ગમતા ભોગો પાસે
કનક તારા કેરી બંગડી મુજ હાથે બહુ શોભે છે
રાજા વરગની એથી સારી પહેરવા મન લોભે છે
શીર કેશોની વેણી ગુંથી સુંદર સેંથો પાડીશું
ભરી બજારે ચાળા કરતાં ઠમકે ઠમકે ચાલીશું
ઉંચી એડીના બૂટો પહેરીશ પાલીશ પણ હમેશ થશે
મોજાં વિના હવે ન ચાલે શોભ અધુરો નહીં રહેશે
ભરી મૂખ તાંબૂલની પટ્ટી મુખડું રાતું કરવું છે
જુવાનીનું જોર જણાવી નજરે નરની ફરવું છે
પહેરવેશ પૂરાતનનો અમ સુધરેલાંને નહી ફાવે
રંગ બેરંગી ભાત ભાતની ફેશન ફેનશી બહુ આવે
ઉર એવી ઉર્મીઓ ધારી નારી કંઇ વંઠી ચાલી
વિષયવાસના અતીશે સેવી આખર મન રહે છે બાળી

પતી પોતાનો રીઝવવામાં દુખીઆરી બહુ થાતી છે
પર પુરૂષનો પ્યાર મેળવતાં ભલે માર પણ ખાતી છે
પ્રાચીન કાળની આર્ય સતીઓ પરનો સ્પર્શ નહીં કરતી
અંગડી પહેરવા કારણ આજે મલેચ્છ કરમાં કર દેતી
પતી જીવનનું પૂર્ણ સુખ લઇ મુવા પછી પણ સંગ જતી
કંચન વર્ણી કાયા બાળી પીયુની સંગે ભષ્મ થતી
તેવી સતીઓ હીંદ ભૂમીપર હાલ નથી કોઇ મેં દીઠી
વિષય અંધને વ્યભીચારીણી કુલટાઓ ઘરઘર બેઠી
વડીલ શું વઢકારી થઇને ઝાઝા બોલો બોલે છે
સાસુ સસરો જેઠ પતી એ સૌને તરણે તોલે છે
જેવી સ્ત્રી તેવીજ પ્રજાથી દુનીઆં આગળ વધતી છે
અધોગતીમાં આર્ય પ્રજા આ દીવસે દીવસે જાતી છે
યુગ આજે બદલાયો જાણે ખરો કળીયુગ આવ્યો છે
અન્યદેશ સુધારે ચડતાં આર્યદેશ બદલાયો છે
દેશ સુધારા કારણ સુંદર છંદ બનાવ્યા ગોપાળે
વાંચીને અંતરમાં ધરજો કષ્ટ પ્રભુ સૌના ટાળે

૧૦

દીકરીના દોકડા.

હરીગીત.

કન્યા તણા હરી વિત્તને નર કોઇ સુખીઓ ના થયો
નીજ બાળકીના કષ્ટ દેખી હાથને ઘસતો રહ્યો

પાપી પીતા લઇ દ્રવ્ય દીકરી વૃદ્ધ શું વે'વા કરે
યુવા અવસ્થે પહોંચતાં પતી સ્વર્ગ વિષે સાંચરે
વૈધવ્ય દેખી દીકરી માબાપ અંતરમાં બળે
પણ લગ્ન વેળા અંધ થઇ મહા પાપને રસ્તે પળે
જે ગાય કરતાં ગરીબ છે પૂત્રી તમારી રાંકરે
શાને રીબાવી મારતા શું પડયો તેનો વાંકરે
કન્યા તણી લઇ હાય આખર હાલ તમ બૂરા થશે
વિક્રય કરેલૂં દ્રવ્ય જાતાં સાંઠની લક્ષ્મી જશે
મહા પાપ જેવું પાપ આ તમ પૂત્રી પૈસા ના પચે
રૌરવ થકી પણ અધીક નર્કે દુષ્ટ નર તે સાંચરે
વિનવી કહે છે આર્ય બંધુ દાસ તમ ગોપાળજી
કન્યાનું વિક્રય ના કરો એ દીન તમારી બાળજી

૧૧

ફેશનની ફજેતી.

દોહરા.

ખર્ચ કરો વિચારીને ગજા પ્રમાણે સર્વ
ફેશનપર મોહશો નહી ઉતરી જાશે ગર્વ

સવૈયા.

અલબેલી મુંબાઈ નગરીમાં શોખીન પૂરૂષો બહુજ વસે
ગાલ તમાચો મારી રાખંતા લાલ લાલ થઇનેજ ફસે

પગાર મળતો પચ્ચીસનો ને સુધરેલામાં પંકાવું
દોસ્તદારની સાથે ફરતાં પૈસા ખરચી વખણાવું
દેશ વિષે કંગાલ સ્થીતી ને ઉદર તણા ફાંફાં પડતાં
કમાઇ કરવા કારણ દીકરો માત પીતા અહીં મોકલતા
ભણ્યા ગણ્યા કાંઇ ઝાઝું નહીં તે ટુંક પગારે પ્રસન થયા
મુંબઇ નગરે મઝા માણવા તરંગ દીલમાં બહુ કર્યા
દશ મળતાં દશમાં નીભાવ્યું પંદરમાં પંદર પુરા
પચીસ મળતા પાઇ બચે નહી તોએ શોખ રહે અધુરા
બે રૂપીઆનું કપડું લીધું શીવાડતા મનમાં બીધા
અપટુડેડ શીવવાનું ખાતું અઢી રૂપીઆ ત્યાં લીધા
એ અનુસારે કપડાં કરતાં પૈસાની ખુવારી કીધી
ત્યાર પછી ધોબીની એણે મુલાકાત જલદી લીધી
એક આનામાં સાહું ધોશે મુજને તે તો નહી ફાવે
વોશીંગ કંપની ગ્લેઝ કરે છે ચકચકાટ ઞતીશે આવે
હજામની પણ વધી કમાણી નવીન તરેહના કેશ કટે
તેલ લગાવી ચોળ અલ્યા મુજ માથાં કેરૂં દર્દ મટે
માત પીતાને વઘાર કાજે તેલ જરીએ ના મળતું
બેટો બાલમાં ઓઇલ નાંખે શીર તેલે થાતું ગળતું
સુંઝાયા ત્યારે મુંબઇ આવ્યા મુંબઇમાં નહીં રે લેણું
કમાણી તો ઉંચી ગઇ પણ સ્હામું થયું છે બહુ દેણું
પગાર કરતાં ખર્ચ વધ્યો ને કરજ વિષે પછી સપડાયેલ
તેમાંથી બચવાને આખર ચોરીનો વિચાર કર્યો

શેઠતણી ઉઘરાણી કરતાં ભાગી જવાનું નક્કી થયું
એક દીવસ બહુ રૂપીઆ આવ્યા લઇ જવા દીલ લલચાયું
નોટ ભરી ખીસામાં એણે સ્ટેશનપર સીધોજ ગયો
દુર દેશની ટીકીટ કઢાવી પોલીસને સંદેહ થયો
સરસામાન કાંઇ પાસ નહીં ને ક્યાંથી અલ્યા તું આવ્યો છે
બતાવ તારા શેઠને જલદી રૂપીઆ ક્યાંથી લાવ્યો છે
પકડાતાં ચોરીનો મુદ્દો માજીસ્ટ્રેટે સજા કરી
પંદર ફટકા બાંધી માર્યા છોડી મૂક્યો દયા ધરી
મુંબઈ નગરે મઝા માણુતા ઇજ્જત વિનાનો થઇ બેઠો
પૂનઃ દેશને માર્ગે ગયો તે ગોપાળે નજરે દીઠો

૧૨

નાટકમાં ચેટક.

દોહરો

નીર્લજ નાટક આજના બગાડશે સંસાર
દંપત્તી જોવા જતાં થાય આડા વહેવાર

ગજલ

મળી કો દંપતી ભેગાં, કરે છે વાત કાંઇ છાની
જવા દીલ નાટકો જોવા, બણું દીલદાર છે દાની
ખુબી શું તે તણી કહીએ, થીએટર છે બહુ સારાં
મધુરાં ઇશ્કના ગાયન, અમોને લાગતાં પ્યારાં

પડે પડદા તે પચરંગી, પુરૂષો નારી થઇ નાચે
રૂપાળા એકટરો એવા, નીરખતાં દીલડું રાચે
ઝબકતી રોશની કેવી, કળા વિદ્યુતની એ છે
શીરે પંખા ફરકતા છે, હવાના સાધનો તે છે
ટીકીટ બે રૂપીઆવાળી, તમો લઇ આવજો પ્યારા
કરી વિકટોરીઆ જઇશું, અહો હે કંથજી મારા

સવૈયા.

ગયાં બેઉજણ નાટક જોવા પ્રથમ વર્ગ માંહે બેઠાં
પૂરૂષે પાછળ નજર કરી તો ગુણીકાને બેઠાં દીઠાં
ઓની પાસે છેલછબીલો રસીઓ કો બેઠો આવી
નારી નજરે સાન કરે એ વાત મને અતીસે ભાવી
ભાઈ વિષયમાં અંધ હતા તે ગુણીકાથી સંકેત કર્યો
નારીએ પણ પાસે બેઠા પૂરૂષ ઉપર પ્યાર ધર્યો
પહેલા અંકે પ્રીતી જામી બીજામાં અંતર ખૂલ્યાં
ત્રીજા અંકે વાત વધારી સદ્બુદ્ધિ મારગ ભુલ્યાં
ખેલ થયો નાટકનો પૂરો અધુરી વાત નહીં મુકું
નાટક ચેટક પૂર્ણ દાખવું મર્યાદા જરી નહીં ચૂકું
પૂરૂષ કહે ગાડી કરી આપું સીધાં ઘેર જઈ સુઇ જાઓ
પ્રાંતઃકાળે જરૂર આવીશ બીક જરી મન નહીં લાવો

સ્ત્રીએ ધાર્યું ઠીક થયું એ પતીએ પેચ રચ્યો પૂરો
હું પણ એના માથાની થઇ સાથે લઉં રસીઓ શુરો
ગુણીકાએ ઘર નાચ આદર્યો લપટાવવા લાલચ કીધી
સુવર્ણની અંગુઠી હતી તે બક્ષીસમાં માગી લીધી
ખીસાં પાકીટ ખંખેરી લઇ સવારમાં ઝટકી કાઢયો
ફીકે મોઢે ઘેર જઈ કહે સતી બારણા ઉઘાડો
પહેલી રાતે નાટક જોયો બીજીમાં ચેટક કીધાં
બાર હવે તો કેમ ઉઘડે પ્રતીવૃતા અંતર બીધાં
ગુનેગાર છે એ પણ પૂરો મારે શું છે ડરવાનું
દ્વાર ઉઘડયાં ઘરમાં જાતાં નજરો નજરે જોવાનું
ઘરમાંથી કોઈ ગયું ભાગતું ભૂત હશે કે પ્રેત સહી
મનની મનમાં સમજી બેઠાં અન્યો અન્યની ચુપ રહી
આજ કાલના નાટક એવા પ્રયોગ જનને શીખવાડે
ગોપાળ કહે ચેતીને ચાલો નહીંતર પડી જશો ખાડે

૧૩

મદીરાની મસ્તી.

દોહરા.

દારૂ ઝેર સમાન છે તન મન ધન હરનાર
પ્રીત ધરી પીએ પછી દુઃખમાં થાએ ખુવાર

ગજલ.

અરે શું હાલ હીંદુના, ભગડતા આજ મેં ભાળ્યા
કપુત કંઇ છોકટા થઇને, ધર્મના પંથને ટાળ્યા
વર્ણના શ્રેષ્ટ છે ઝાંઝા, વણીક ને બ્રહ્મના પુત્રો
મૂકી મરજાદને માઝા, તજયાં સૌ શાસ્ત્રના સૂત્રો
નીશા કે કેફની ચીજે, લગાડી મોહ માયાને
મદીરા સ્વાદને ચાખ્યો, કરી છે ભ્રષ્ટ કાયાને
મળી બે ચારની ટોળી, કુકર્મી કૃત્ય આચરતા
કલાલોની દુકાનોમાં, ઉમંગે શીઘ્ર વિચરતા
ગલાસો પ્રેમનાં ભરીને, પરસ્પર આગ્રહી થાતા
તમે લ્યોને તમે લ્યોને, મૂખેથી એમ ઉચરતા
ફુવારા બીર રમના ત્યાં, ઉડી જન દીલને છાંટે
લથડતા થાય નીશામાં, રકત થઇ આંખડી ફાટે
નીકળતાં બહાર પીઠાંથી, બજારે માંહ્ય રખડે છે
જતા જન કંઇકની સાથે, વિના વાંકેજ અકડે છે.
ગણે મન ભૂપતી હું છું, ચડાવું પૃથ્વીને ચાકે
કરે બળ તો પડે નીચે, જમીનની ધુળને ફાકે
નીશાનું ઘેન ઉતરતાં, ઉદરમાં લાહ્ય લાગે છે
ચરાયા ધર્મની હોટલ, વિષે ખાવાને ભાગે છે

નહીં જે ધર્મને છાજે, હરામી ચીજ તે ખાતા
વટલશું કે ઇજત જાશે, વિચારીને નથી જોતા
હવે બંધુ અમારા રે, થઇ હદ પાપની પૂરી
દીલે ડર ઈશનો રાખો. નહી તો છે અતી બૂરી
સકળ સ્રષ્ટી તણું તત્વ, સનાતન ધર્મ છે પ્યારો
જુઓ ફરમાન કેવાં છે, મનુ ભગવાન રચનારો
તજ્યાં એ ધર્મના સુત્રો, અધર્મી લાજ લોપે છે
પ્રભુને ધર્મ છે વહાલો, અધર્મી કાજ કોપે છે
હરી તે છે દયાળુ રે, તમોને સુખ આપે છે
તમારાં કૃત્યને ભૂલી, તમારી ભૂખ ભાંગે છે
નહીં તો બૂંદ પાણીનું, પડે ક્યાં પૃથ્વીને વિષે
જગતની પાયમાલીને, દુઃખો સંસારમાં દીસે
તમારાં કૃત્યની રાહે, પ્રભુને ક્રોધ વ્યાપે છે
છતાં નીજ બાળકો જાણી, દયાથી માફી આપે છે
ઘટે તે કાજ આ જનને, કરો સદ્કર્મ તન મનથી
દયા દીન ઉપરે રાખી, ધરોને ધર્મ કાંઇ ધનથી
ધર્મના પંથપર ચાલી, અધર્મી પંથને તોડો
કહે ગોપાળજી સહુને, નઠારા કૃત્યને છોડો

૧૪

કન્યા વિક્રય નિષેધ.

દોહરા.

કન્યાનું વેચાણ આ હીંદ દેશમાં થાય
સ્વાર્થ અંધ માબાપ સહુ પાછળથી પસ્તાય

સવૈયા.

પૈસા ખાતર પૂત્રીઓનું લીલામ થાતું છે આજે
બૂઢ્ઢા સાથે નાની બાળા પરણાવે લક્ષ્મી કાજે
બાળકી કેરો જન્મ થતાંરે માત પિતાને હર્ષ થશે
બાર વર્ષની થશે એટલે રૂપીઆનો ઢગલો મળશે
રૂપ રંગ કેળવણી વધવા પ્રયત્ન પણ તે કાજ કરે
થશે રૂપાળી પૂત્રી આપણી રૂપીઆ પાંચસો વધુ મળે
સધર બેંકનો ચેક પડયો છે દીકરીની તુલના તેવી
વખત પરત્વે વટાવી લઇશું આફત નહીં પડવા દેવી
લગ્ન સમય બીચારી બાળા અણસમજુ થઇ ઉછળતી
પૂખ્ત થતાં નીજ પતી નીરખી અહોનીશ અંતર બળતી
વલોપાત વાણીમાં કરતી ભોગ ઉપર અતીશે ભાવો
વૃદ્ધ પતીની વેઠ કરે એ સંસારે પહોંચે લ્હાવો

મનુષ્ય દેહ તેમાં પણ અબળા શીયળ સાચવે શી રીતે
મદન અગ્નીના પ્રચંડ ભડકા કેમ કરી નારી જીતે
દ્રવ્ય લઈને દીકરી કેરૂં જીવન ઝેરમય તેં કીધું
છતા ધણીએ રંડાપો દઈ વેર કહાંનું એ લીધું
ઓની ગતીને ઓ જાણે છે તોપણ માતા ક્રૂર થતી
દીકરી દુઃખમાં બળી જશે એ ખ્યાલ જરીએ ના કરતી
માતા તારૂં હેત સહુ તેં લાલચમાં ઢાંકી દીધું
નવ મહીના ઉદરમાં રાખી આખર તેં કાળું કીધુ
વર્ણ આપણી અતી શ્રેષ્ટને નીચ કર્મ શું આદરતા
પૃત્રી પૈસા પચે નહીં તો કન્યા વિક્રય કાં કરતાં!
સમાન વયનો પતી હોય પણ દ્રવ્ય લઈ દીકરી આપે
સાસરીઆં સૌ મહેણા દઈને બીચારીને બહુ સંતાપે
કામકાજ સૌ ઘરના કરજે ગુલામડી સમ છે જાણી
તારા બાપને દ્રવ્ય દઈને તુજને છે ઘરમાં આણી
શાસ્ત્ર પૃરાણો શાખ લખે છે કન્યા વિક્રય જે કરશે
જીવિત જીંદગી કષ્ટ ભોગવી અંતે નર્ક વિષે જાશે
પાછળથી એ બાળ તમારી ગાળ અતીશે દેવાની
માબાપે મને કુવે ઉતારી હાય નીશાસા લેવાની
એહ નીશાસે માત પીતાનું સત્યાનાશ જરૂર જશે
કુમારગમાં દ્રવ્ય વણાતાં મૂરખ પાછળ હાથ ઘસે

તે કાજે હો મિત્રો મારા કન્યા વિક્રય બંધ કરો
વિનવીને ગોપાળ કહે છે દેશ દાઝ કાંઇ ઉર ધરો

૧૧

અરે ફેશન કહાં આવી?

ગજલ.

અરે ફેશન કહાં આવી, નવીન પોશાકને લાવી
દીધો તે દેશને તાવી, અરે ફેશન કહાં આવી
ચતુર ચીતમાં ચહતી, સુધારાના થવું સાથી
નવી ફેશન મને ભાવી, અરે ફેશન કહાં આવી
કહું છું કંથને આજે, વદન મારૂં હવે લાજે
ફરૂં શું મૂળ બતલાવી, અરે ફેશન કહાં આવી
ફલાણા ભાઇની નારી, મળી પોશાક સણગારી
મને એણેજ લોભાવી, અરે ફેશન કહાં આવી
જુના જે વસ્ત્ર છે મારાં, તજાવો આજથી પ્યારા
નવીન પોશાક પહેરાવી, અરે ફેશન કહાં આવી
ચરણમાં કાંકરા ખૂચે, પહેરૂં બૂટ તો રૂચે
નથી કાંઇ ગમ હવે ખાવી, અરે ફેશન કહાં આવી

ઉનાળો ઉષ્ણ ઉકળતો, અમારા તેજને હરતો
વદનપર શ્યામતા લાવી, અરે ફેશન કહાં આવી
અપાવો છત્રી તો સારૂં, પછી કાંઇએ નથી પ્યારૂં
ન ચાહું વાલની વાળી, અરે ફેશન કહાં આવી
કુસંગે દોશ છે આવા, સ્ત્રીઓના થાય છે હાવા
ગજલ ગોપાળની ગાવી, અરે ફેશન કહાં આવી

૧૬

વિધવા વિવાહ

સવૈયા.

નષ્ટ સમયમાં ભ્રષ્ટ મતી થઇ પૂનર્લગ્ન કરવા માંડે
અત્યા ચારનું મુળજ એતો રહ્યા સર્વ જનના ફાડે
વિપરીત બુદ્ધિ વિપરીત કાળે વિપરીત વાતો સુજ પડી
ધર્મ નિતીના નામ ગયાં ને સત્ય સાથ તકરાર નડી
આર્યવાસીઓ બંધુ મારા અક્કલ કેમજ સુન્ય થઇ
પસ્તાવો પાછળથી થાશે બુદ્ધિ શાને મલીન થઇ

મોટાઓ ખોટા કહેવાયા અધર્મ માર્ગ તે તો લાવે
અનેકવાર પોતાની બેટી બીજાઓને પરણાવે
ધર્મ નિતીથી લગ્ન થયાં તે ફરી ફરીને શું પલટાય
સમય બુરો આજ આવતાં મનજ મારૂં તો અકળાય
કુલટા નારી મનમાં સમજે આ પતી મુજને નથી ગમતો
ચાર ફાંકડો સામે આવે જોજો વેગેથી નમતો
આના કરતાં અતી રૂપાળો મન મારૂં તેમાં લોભાય
ભાર શો છે આ દુષ્ટ તુરકના ખંજર કાઢી જો ભોકાય
બાળ રવડતાં મેલી કુછંદી નારીઓ ચાલી જાશે
પૂનર્લગ્નનો ધારો કરતાં દશા દેશ પડતી થાશે
સરળ પંથ છે આના કરતાં બાળલગ્ન નામજ બાળો
લઘુ વયની બાળકીઓને પરણાવાનું તો ટાળો
હાહાકાર દેશે વરતાયો પાપતણી મતી સુજે છે
પરણેલી શું પાછી પરણે સુજ્ઞ જનો મન મુંઝે છે
સત્ય કર્મ કરનારા બંધુ સુજ્ઞ જનો શુભ કરતા છે
દુષ્ટ કર્મના કરનારા નીચ ભાર નકામો ભરતા છે
આર્ય વર્તની સતીઓ શાણી ધર્મ માર્ગ મનમાં રાખે
નિતી નિયમના સિરસ્તાથી સ્વર્ગ સુખ પોતે ચાખે

પરજન સામી દ્રષ્ટિ નહીં ને સતીત્વ વૃતી ધારી હતી
વાકય સિદ્ધીની અમી દ્રષ્ટિથી શુદ્ધ રાખતી હતી મતી
પર પૂરૂષનો સ્પર્સ થતાં તે સ્નાન કરીને પવિત્ર થતી
ધન્ય ધન્ય તે વીર બાળાઓ બૂદ્ધિ કલ્પના શુદ્ધ હતી
તેને બદલે આજ સમયની કુલટા નાર કુછંદ કરે
પૂનર્લગ્ન કરવાને માટે હાથ જોડીને કરગરે
કસાઇ સમ કર્મો એવાં છે વિશ્વપતી તે શું સાંખે
હીમાયતી એ પૂનર્લગ્નના સભા ભરીને શું ભાખે
સુજ્ઞ ભગનીઓ બોવજ મારો અંતર આનંદે ધરજો
નીતી નિયમના વૃત સાચવી સતીત્વ પંથે તો પળજો
દાસ ગોપાળજી નમ્ર વાણીથી સમય સાધીને સુચવતો
આર્ય વાસીઓ બંધુ મારા વિનય વાણીથી વીનવતો

૧૭

પ્રભુને કાં ભૂલો પ્યારા.

ગજલ.

શ્રવણ કર મીત્ર હે મારા, પ્રભુને કાં ભૂલે પ્યારા
ઉગાર્યો ગર્ભમાં જેણે, અન્યો સંસારમાં તેણે

નથી સંભારતો નગુરા, પ્રભુને કાં ભૂલે પ્યારા
પસુસમ બાળપણુ તારૂં, કર્યું રક્ષણ બહું સારૂં
અતી ઉપકાર કરનારા, પ્રભુને કાં ભૂલે પ્યારા
પ્રભુતો છે બહુ દાનો, તમે નહીં કેમ તે માનો
જગતને સુખ દેનારા, પ્રભુને કાં ભૂલે પ્યારા
કર્યાં તુજ કાજ જો પ્રભુએ, અખિલ બ્રહ્માંડના વિભુએ
સુયત્નો સુખના સારા, પ્રભુને કાં ભૂલે પ્યારા
વૃષાનો કાળ છે કેવો, નીપજતો મુલ્યનો મેવો
ભર્યાં જળથી નદી નાળાં, પ્રભુને કાં ભૂલે પ્યારા
શીયાળે શીત વા વાયે, વધારો ધાન્યનો થાએ
વિભુના સ્નેહની ધારા, પ્રભુને કાં ભૂલે પ્યારા
ઉનાળે તાપ છે તપતો, નિધીના વારીને હરતો
છુટા નીરથી થતા આરા, પ્રભુને કાં ભૂલે પ્યારા
સુરજને ચંદ્રની ગતી છે, દીવસ ને રાત્રીઓ થતી છે
જણાતા નભ વિષે તારા, પ્રભુને કાં ભૂલે પ્યારા
જનોની કારમી કાયા, રચી દુસ્તર અતી માયા
શરીરના જે અવયવ તારા, પ્રભુને કાં ભૂલે પ્યારા

વદે ગોપાળ જશ ગાશે, જરૂર તે સ્વર્ગમાં જાશે
વિભુના ગુણ સંભારો, પ્રભુને કાં ભૂલો પ્યારા

૧૮

ઉપસંહાર

હરીગીત

વિશ્વપતી સમરૂં તને વંદી કરૂં છું પ્રણામરે
દીન આર્યપર પ્રીતી કરી પૂરો મનોરથ કામરે
સંસાર સુધરે વિચરો હે આર્ય ચાહું અંતરે
આ લોકને પરલોકમાં આનંદની એ રીતરે
સદ્ગુણના ગ્રાહી થજો સદ્કર્મના કર્તા વળી
તમ દેશપર પ્રીતી ધરી આનંદમાં રહો સૌ મળી
આસીસ દઉં અંતર થકી આ દેશની ચઢતી થજો
ગોપાળજી પ્રભુ શું ચહેતમ પ્રીત પ્રાણીપર હજો

ઓટો—માલીની.

સવૈયા.

નજર કરો કોઇ ખ્યાલ કરો આ મનહર ઓટો માલીની
સર્વ સેંટનો સહેનશાહ છે અજબ સુગંધી છે એની
ચંબેલીના તાજા ફુલનો પૂર્ણ બહાર એતો બક્ષે
એક વખત અજમાયશ કરવા સર્વે સજ્જન લ્યો લક્ષે
ગુણકારી છે ઘણું મગજને સુંદર ઓટો માલીની
વાપરતાં દીલ ખુશ કરે છે સુગંધ બહુ ટકતી એની
ખરો ખજાનો છે ખુસબોનો અત્તર ઓટો માલીની
મગ મગાટમાં મસ્ત બને છે સુંગતાં ઓટો માલીની
મઝેદાર મહાકાર બનાવ્યું અજબ છે ઓટો માલીની
એક વખત અનુભવ લેતામાં મળી જસે ખાત્રી એની
નથી સ્પીરીટ કે ચીકાસ જરીએ નીરખો ઓટો માલીની
ફક્ત ફુલનો બહાર બતાવે ઉમદા ઓટો માલીની
કપડાંપર કાંઇ ડાઘ જરી નહી પડશે ઓટો માલીની
મોહક થઇને મનમાં વસતું અત્તર ઓટો માલીની
ઉત્તમ બગીચાની લેહજત એ ઘરમાં બેઠાં આપે છે
બીમારીને દુર હઠાવી બદબોને પણ કાપે છે
ધી સીટીડ્રગ એન્ડ કેમીકલ કું. માં મળશે ઓટો માલીની
જુમા મસીદની નીસાન રાખી લેજો ઓટો માલીની

પદમણી સ્રીઓના બાલનો શણગાર.
યોગ શાસ્રના આધારે બનાવેલું.
યોગકન્યા હેઅર ઓઇલ.

ગઝલ.

અજબ છે આ સુગંધીનો, મનોહર બહાર તે કેવો
સુશોભીત યોગ કન્યાનો, જરા સેંપલ જોવા લેવો
ખુબી શું વર્ણવું એની, પરીક્ષા તો જરૂર લેવી
સુગંધી મસ્ત છે જેની, ચંબેલી પુષ્પના જેવી
એની પાસે જુઓ પ્યારા, હેઅર ઓઇલો બધાં હાર્યા,
બને છે બાલ બહુ સારા, લાંબા ને સ્યામ સુવાળા
મગજના જ્ઞાનતંતુને, બનાવે છે બહુ મજબૂત
નઠારા રોગતંતુને, કરે છે તુર્ત એ નાબૂત
યોગકન્યા છે સારૂં શરીરને શાંતી આપે છે,
નયનમાં તેજ ભરનારૂં, મગજના દર્દ કાપે છે.
અમારાં યોગકન્યાથી, જરી નહીં ડાઘ પડતા રે
ફેંટા ટોપી કે સાડી, નહીં વસ્રો બગડતાં રે
ચંબેલી ફુલ વેરાયાં, બીછાને બહાર એ મળસે
મધુરી નીંદ આવે છે, સુંગધી એની બહુ ટકસે
પરીક્ષા લઇ જરા જોસો, અનુભવ મેળવો ત્યારે
સુગંધી સામગ્રી એમાં, ભરેલી દેખશો જ્યારે
પસરતી છે પસીનામાં, સુગંધી યોગકન્યાની
સુજન પ્રીતે ખરીદે છે, ધરીને હોંસ બહુ મનની

☞ આ ચોપડી મળવાનું ઠે.—કુંભાર ટુકડા શા. વનમાળી જુઠાભાઇ ગાંધીની દુકાનેથી તથા કર્ત્તા પાસેથી.

